ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક:મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર:ડો. બીનાબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૩૨૩૨ B૩: હીરેન મેવાડા તરીખ:૦૮-૦૩-૨૦૨૬,રવિવાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

Gov. PHC સેન્ટર , રાણીપ. ગર્વમેન્ટ PROVIDE Free medication to such patients but without proper nutrition not gets proper results in T B PATIENTS આપણી ક્લબ ના વરિષ્ઠ સભ્ય શ્રી રશ્મિકાન્તભાઈ શાહ તરફ થી 40 દર્દી દતક લઈ દર મહિને પ્રોટીન યુક્ત અનાજ ની 500/- ની એક એવી 40 કીટ જરૂરીયાત મંદ દર્દી ને આપશે છ મહિના માટે , મહિને 20,000/-અને છ મહિના માટે એટલે ટોટલ 1,20,000/-નુ અનુદાન ઉપરોક્ત સેવાકીય કાર્ય માટે સ્પોન્સરર કરેલ છે.આજના દિવસે માનનીય ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, D C Dr Renukaben shah, Dr. S k patel, Dr aakash patel , lion વરિષ્ઠ સભ્ય શ્રી રસમીકાંતભાઈ શાહ, શ્રીમતી કુમુદબેન શાહ, પ્રેસિડેન્ટ ડૉ. ચિરાગ શાહ, હેતલ શાહ ની ઉપસ્થિત મા આ નોબલ સેવાકીય કાર્ય બદલ લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ તેમનો તથા હાજર તમામ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ તથા ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ તરફથી તા.18 ફેબ્રુઆરી 2026 બુધવારના રોજ સવારે 9:00 વાગે સિવિલ હોસ્પિટલ અસારવા ખાતે આવેલ કેન્સર હોસ્પિટલ કેન્સર ગ્રસ્ત બાળકો તથા ભાઈઓ બહેનોના વોર્ડમાં 150 થી વધુ દર્દીઓને ચોખ્ખા ઘીનો શીરો પીરસવા આવ્યો.સાથે સાથે બાળકોને સુંદર આકર્ષક ડેન્ટલ કીટ કે જેમાં બે ટુથ બ્રશ અને બે ટુથ પેસ્ટની એક સુંદર કીટ અર્પણ કરવામાં આવી આ સેવા પ્રદાન ડૉ.અરુણાબેન ભડીયાદરા થા લાયન બેલાબેન પરીખ તરફથી કરવામાં આવી હતી.

PDG લાયન નરેન્દ્રભાઈ પટેલ તરફથી ડેન્ટલ કીટમાં ખૂબ સારી સહાય મળી હતીસેવા કાર્યના સહયોગમાં ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટના મે.ટ્રસ્ટીકલાબેન વ્યાસ,ટ્રસ્ટીઓ કનુભાઈ પટેલ,પુષ્પાબેન રાઠોડ,સ્ટાફ મિત્રો,દિગ્વિજય દર્દી સહાય ટ્રસ્ટ તરફથી લા.મનીષાબેન પંચાલ લાયન ક્લબના પ્રમુખ પરાગભાઈ શાહ,લા.ભાવનાબેન શાહ તથા લાયન વિનોદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

આજરોજ તારીખ 23 ફેબ્રુઆરી 2026 સોમવારના રોજ સવારે 11:30 વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ ના બેનર હેઠળલખુડી હાઉસિંગ વસાહતનવરંગપુરખાતે સ્પોન્સર ડોક્ટર અરુણાબેન તથા શ્વેતાંગભાઈ પટવારી તરફથી મળેલ સ્પોન્સરશિપમાંથી સ્ટીલની 50 ડીશ આંગણવાડીના બાળકોને નાસ્તા માટે જરૂરી હતી તે અર્પણ કરવામાં આવી. સાથે સાથે આ બધા જ બાળકોને ફ્રુટ ડિશ ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે ડોક્ટર અરુણાબેન લાયન શ્વેતાંગભાઈ પટવારી લાયન ડિમ્પલબેન શાહ લાયન ગીરીશભાઈ પટેલ તથા ગાયત્રી પરિવાર તરફથી શ્રી કનુભાઈ પટેલે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરીને ગાયત્રી મંત્રના ઉચ્ચાર સાથે કાર્યક્રમ શરૂ કર્યો હતો.લાયન ડિમ્પલબેન શાહ તરફથી બાળકોને સુંદર ગીત ગવડાવવામાં આવ્યા, પ્રાર્થના કરવામાં આવી અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોગ્રામમાં આપણી જ ક્લબના લાયન જતીનભાઈ ,રીનાબેન પટવારીતથાનીલા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સર્વેના સાથ સહકારથી આ કાર્યક્રમને ખૂબ સફળતાને પ્રાપ્ત થઈ.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

તારીખ 26 ફેબ્રુઆરી 2026 ગુરુવારના રોજ રાત્રે 10:30 વાગે બ્લાઈન્ડ પીપલ અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે આયોજિત અયોધ્યા વારાણસી યાત્રા માં પ્રવાસ કરતા 40 દિવ્યાંગ વ્યક્તિઓનેસાબરમતી રેલવે સ્ટેશન ઉપર યાત્રાની શુભેચ્છા પાઠવી અને લાયન્સ ક્લબ અમદાવાદ ફોર્ટ વતી ફૂડ પેકેટ્સ નું વિતરણ કરવામાં આવ્યું તથા કોલ્ડ્રિંક્સ નું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે લાયન હરીશભાઈ જડિયા ડિસ્ટ્રિક્ટ ચેરમેન પ્રેસિડેન્ટ બેન્કવેટ ઉપસ્થિત રહ્યા હતા.પ્રોજેક્ટની સ્પોન્સરશિપ ડોક્ટર કૃતાર્થ શાહ તરફથી અમોને મળેલપ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડિમ્પલબેન શાહે આ પ્રોગ્રામ ખૂબ સુંદર રીતે આયોજન કરી પૂર્ણ કર્યો હતો.

પ્રોગ્રામમાં અતિથિ વિશેષ તરીકે કોકીલાબેન પટેલ(દિગંત ચેરીટી ટ્રસ્ટ) અને નીલા વિનોદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.આવા ઉમદા સેવાકીય કાર્યક્રમમાં હાજરી આપી અમોને પ્રોત્સાહન આપનાર સર્વેને ખૂબ અભિનંદન અને ખૂબ ખૂબ આભાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ




ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ તથા લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ ના સંયુક્ત ઉપક્રમે આજે તારીખ27ફેબ્રુઆરી 2026 ના બપોરે 4.00 વાગે સિનિયર સિટીઝન ડે સેલિબ્રેશન નિમિત્તે એક ફ્રી મેગા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઓર્થોપેડિકસ વિભાગ ડેન્ટલ વિભાગ ડાયાબિટીસ વિભાગમાં જીવન સંધ્યા વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા બા બાપુજી નું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું તે અંગે આરોગ્ય લક્ષી સલાહ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે સુંદર ગીતોની રમઝટનો સાથે કલાકારોને ખેસ અને માળા થી સન્માનિત કર્યા. આ પ્રસંગે લાયન્સ ક્લબ તરફથી મુખ્ય મહેમાન તરીકે ડોક્ટર અરુણાબેન પધાર્યા હતા અને આશીર્વાદ આપવા માટે શ્રી કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા તરફથી ઉપસ્થિત રહીને તેઓએ સર્વેને ખૂબ ખૂબ સુંદર આશીર્વાદ પાઠવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડિમ્પલબેન શાહે ખૂબ સુંદર રીતે આયોજન કરીને સફળતા પ્રાપ્ત કરાવી હતી.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

તારીખ 24 ફેબ્રુઆરી 2026 મંગળવારના રોજ બપોરે 1:00 વાગે સ્વર્ગસ્થ ગંગાબા પ્રાથમિક શાળા ઘોડાસર ખાતે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટના બેનર હેઠળ 17 LIONS QUEST CENTRE નું ઓપનિંગ મુખ્ય મહેમાન લાયન દીપકભાઈ રાવલ ડિસ્ટ્રિક્ટ ચેરપર્સન LIONS QUEST COORDINATOR ના વરદ હસ્તે કરવામાં આવ્યું.મુખ્ય મહેમાન લાયન દીપકભાઈ રાવલતથા અતિથિ વિશેષ લાયન હેમંતભાઈ મહેતા ડિસ્ટ્રિક્ટ ચેરમેન LIONS QUEST તથા આપણી ક્લબના જોઈન્ટ સેક્રેટરી સોનલબેન જોશીના હસ્તે કુલ 680 વિદ્યાર્થીઓને લાયન્સ QUEST ના ચાર પુસ્તક નો સેટ વિતરણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સાથે સાથે પીડી પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઘોડાસરના મેનેજિંગ ટ્રસ્ટી હેમલતાબેન પંડ્યાને આપણી ક્લબ તરફથી એક ફર્સ્ટ એડ મેડિકલ બોક્સ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો અને આમંત્રિત મહેમાનો અને ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત બાળકો વચ્ચે આપણે ખૂબ સારી રીતે કાર્યક્રમનું આયોજન કરી શક્યા.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ

આજરોજ તારીખ બીજી માર્ચ 2026 સોમવારના રોજ સવારે 11:30 વાગે સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ મનોદિવ્યાંગ બાળકો માટે કાર્ય કરતી સંસ્થા અખબાર નગર વાડજ ખાતે હોળી સેલિબ્રેશનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટના બેનર હેઠળ તથા શ્રી કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા ના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ તરફથી લાયન વંદનાબેન મહેતાએ ઈન્ડક્શન સગડી સંસ્થાના લાભાર્થે આપી હતી અને ડોક્ટર તુષારભાઈ શાહ તરફથી પ્રેસર કુકર પણ આ સંસ્થાને આપવામાં આવેલ.

નાના મનોદિવ્યાંગ બાળકોને તિલક કરી પુષ્પ વર્ષા કરીને હોળી રમાડવામાં આવી તથા તેઓને શ્રી કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા,દિપકભાઈ મમરાવાળા,જયંતિ પટેલ તરફથી ધાણી,ખજૂર,સીંગ, ચણા વગેરેનું નાસ્તાની કીટ વિતરણ કરવામાં આવી હતી.આ પ્રસંગે લાયન ગીરીશભાઈ પટેલે,વિનોદભાઈ પટેલ ચંદ્રસિંહચૌહાણે આ સુંદર કાર્યક્રમનું આયોજન કરીને કાર્યક્રમને સફળતા અપાવી હતી.